# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1. ભારત અને રશિયાએ આજે સંરક્ષણ, વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રોમાં કરારો પર હસ્તાક્ષર કર્યા.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત પરિવર્તનની નીતિને મજબૂતીથી અનુસરીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગે
3. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે દેશના GDPમાં સહકારી ક્ષેત્રનું યોગદાન વર્ષ 2023ની સરખામણીમાં ત્રણ ગણુ વધારવાની નેમ વ્યક્ત કરી
4. લોકસભામાં આરોગ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર બિલ, 2025 પસાર
5. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આવતીકાલે ગુજરાતની મુલાકાત લેશે.

.......................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM Modi-Putin Joint Statement

ભારત અને રશિયાએ આજે સંરક્ષણ, વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રોમાં 16 કરારો પર હસ્તાક્ષર કર્યા. નવી દિલ્હીમાં 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત-રશિયા મિત્રતા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે શક્તિ પ્રદાન કરશે અને આ વિશ્વાસ બંને દેશો માટે એક સહિયારું ભવિષ્ય સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું કે ભારત અને રશિયા આતંકવાદ સામેની લડાઈમાં ખભે ખભો મિલાવીને ઉભા છે. તેમણે ભારતના અટલ વિશ્વાસનો પુનરોચ્ચાર કર્યો કે આતંકવાદ માનવતાના મૂલ્યો પર સીધો હુમલો છે અને કહ્યું કે વૈશ્વિક એકતા આતંકવાદ સામે સૌથી મોટી શક્તિ છે.

(BYTE- PM-MODI---ON-TERRORISM)

યુક્રેન મુદ્દા પર, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત હંમેશા યુક્રેન મુદ્દામાં શાંતિનું સમર્થક રહ્યું છે. તેમણે આ મામલાના શાંતિપૂર્ણ અને કાયમી ઉકેલ માટે કરવામાં આવી રહેલા તમામ પ્રયાસોનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે ભારત હંમેશા યોગદાન આપવા તૈયાર રહ્યું છે.

(BYTE - PM-MODI-ON-UKRAINE)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે બંને પક્ષો યુરેશિયન આર્થિક સંઘ સાથે મુક્ત વેપાર કરારને વહેલાસર અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરી રહ્યા છે.

શ્રી મોદીએ જાહેરાત કરી કે ભારત ટૂંક સમયમાં રશિયન નાગરિકો માટે 30 દિવસનો મફત ઈ-ટૂરિસ્ટ વિઝા અને 30 દિવસનો ગ્રુપ ટુરિસ્ટ વિઝા રજૂ

કરશે. શ્રી મોદીએ જણાવ્યું કે રશિયાએ આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સમાં જોડાવા માટે એક ફ્રેમવર્ક કરાર અપનાવવાનો પણ નિર્ણય લીધો છે.

શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે દ્વિપક્ષીય સંબંધો અનેક ઐતિહાસિક સીમાચિહ્નોને સ્પર્શી રહ્યા છે.

(BYTE - PM-MODI-STRATEGIC-PARTNERSHIP)

આ પહેલા, આજે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન રાષ્ટ્રપતિનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. સાંજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે. રાષ્ટ્રપતિ પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે ભારતની મુલાકાતે ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા.

-------------

## India-Russia Business Forum

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત સુધારા, કામગીરી અને પરિવર્તનની નીતિને મજબૂતીથી અનુસરીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે.

નવી દિલ્હીમાં ભારત-રશિયા બિઝનેસ ફોરમમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત અને યુરેશિયન આર્થિક સંઘ વચ્ચે મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો શરૂ થઈ ગઈ છે. તેમણે ભાર મૂક્યો હતો કે પરસ્પર વિશ્વાસ એ કોઈપણ ભાગીદારીનો પાયો છે, પછી ભલે તે વ્યવસાયમાં હોય કે રાજદ્વારીમાં. તેમણે

વધુમાં જણાવ્યું હતું કે આ વિશ્વાસ ભારત-રશિયા સંબંધોની સૌથી મોટી તાકાત છે, જે બંને દેશોના સંયુક્ત પ્રયાસોને દિશા અને ગતિ પ્રદાન કરે છે.

-------------

## MOU - Russia

ભારત અને રશિયા દ્વિપક્ષીય કૃષિ વેપારને પ્રોત્સાહન આપવા અને ખાદ્યાન્ન અને બાગાયતી નિકાસમાં નવી તકો શોધવા માટે સંમત થયા છે. ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને તેમના રશિયન સમકક્ષ ઓક્સાના લુટ વચ્ચે થયેલી દ્વિપક્ષીય બેઠકમાં, બંને પક્ષોએ નોંધ્યું હતું કે ભારત-રશિયા સંબંધો વિશ્વાસ, મિત્રતા અને પરસ્પર સહયોગ પર આધારિત છે. હાલમાં આશરે 3.5 બિલિયન અમેરિકન ડોલર અંદાજિત વધતા દ્વિપક્ષીય કૃષિ વેપાર પર પ્રકાશ પાડતા, શ્રી ચૌહાણે સંતુલિત વેપારની જરૂરિયાત પર ભાર મૂક્યો. મંત્રીએ ભારતીય બટાકા, દાડમ અને બીજ નિકાસ સંબંધિત લાંબા સમયથી ચાલી રહેલા મુદ્દાઓને ઉકેલવા બદલ તેમના રશિયન સમકક્ષનો પણ આભાર માન્યો.

-------------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ

ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે દેશના કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં સહકારી ક્ષેત્રનું યોગદાન વર્ષ 2023 ની સરખામણીમાં ત્રણ ગણુ વધારવાની સરકારની નેમ વ્યક્ત કરી. ગુજરાતના ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસીય "અર્થ સમિટ"નો શુભારંભ કરાવતા શ્રી શાહે કહ્યું, સહકારી ક્ષેત્રના વિકાસ માટે દરેક પંચાયત દીઠ એક સહકારી સંસ્થા બનાવાશે.

(બાઇટ : AMIT SHAH – CO-OPERATIVE)

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું, આગામી સમયમાં દેશમાં સહકાર ટેક્સી અને સહકાર વીમા સેવાઓ પણ અમલમાં આવશે.

(બાઇટ : AMIT SHAH – INSURANCE)

સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું, બનાસકાંઠા-પંચમહાલનું "કો-ઓપરેશન એમોંગ્સ કો-ઓપરેટિવ" મોડલ જરૂરી સુધારા બાદ સમગ્ર દેશમાં લાગુ કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, કૃષિ, ગ્રામીણ, માનવતા અને નવાચારના સશક્તિકરણ માટે યોજાઇ રહેલી આ સમિટ ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવવાના વિચારોને સુસંગત છે. આ સમારોહ

દરમિયાન કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના હસ્તે "સહકાર સારથી" પહેલ તેમજ તેની ડિજિટલ સેવાઓનો શુભારંભ કરાયો.

શ્રી શાહે પોતાના લોકસભા મતવિસ્તાર ગાંધીનગરમાં રમતગમત સંકુલ, રેલવે ઓવરબ્રીજ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતના વિકાસકાર્યોનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત તેમણે અમદાવાદમાં યોજાયેલા સાંસદ ખેલ મહોત્સવમાં પણ હાજરી આપી હતી. તેઓ બોડકદેવમાં શોપિંગ ફેસ્ટીવલનું ઉદ્ઘાટન કરશે.

-------------

## EC - SIR

ચૂંટણી પંચે આજે જાહેરાત કરી હતી કે મતદાર યાદી સઘન સુધારણા ઝુંબેશ – SIR ફેઝ 2 ની શરૂઆતથી અત્યાર સુધીમાં 50 કરોડ 92 લાખથી વધુ મતદારોને મત ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ તબક્કામાં આશરે 51 કરોડ મતદારોમાંથી 99.9 ટકા મતદારોને આવરી લેવામાં આવશે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે 47 કરોડ ફોર્મનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે. SIRનો બીજો તબક્કો 4 ડિસેમ્બરે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો હતો. મતદાર યાદીઓનું મોટા પાયે સંશોધન આવતા વર્ષે 14 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

-------------

## FINAL LS - HEALTH SECURITY CESS

લોકસભાએ આરોગ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર બિલ, 2025 પસાર કર્યું છે. આ બિલનો ઉદ્દેશ્ય પાન મસાલા અને કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત અન્ય કોઈપણ વસ્તુના ઉત્પાદન પર સેસ લાદીને આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ભંડોળ વધારવાનો છે. સેસમાંથી મળેલી રકમ જાહેર આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા પર ખર્ચવામાં આવશે.

બિલ પરની ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે સરકાર હાનિકારક વસ્તુઓના ઉપયોગને રોકવા માંગે છે. તેમણે કહ્યું કે એકત્રિત કરાયેલ સેસ જાહેર આરોગ્ય અને સંરક્ષણ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે ખર્ચવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે જાહેર આરોગ્ય રાજ્યનો વિષય છે, જ્યારે સંરક્ષણ કેન્દ્ર સરકારની જવાબદારી છે.

-------------

## Vice President – Gujarat Visit

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન પદ સંભાળ્યા પછી આવતીકાલે પહેલી વાર ગુજરાતની મુલાકાત લેશે. ઉપરાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું હતું કે તેમની મુલાકાત દરમિયાન, તેઓ એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ ઉજવણીના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

-------------

# Hockey Men's Junior World Cup

FIH હોકી મેન્સ જુનિયર વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઇનલમાં આજે ભારત બેલ્જિયમ સામે ટકરાશે. આ મેચ ચેન્નાઈના મેયર રાધાકૃષ્ણન હોકી સ્ટેડિયમ ખાતે રાત્રે થોડી જ વારમાં શરૂ થશે.

ટુર્નામેન્ટની શરૂઆતમાં ભારતે ચિલી, ઓમાન અને સ્વિટ્ઝર્લેન્ડને હરાવ્યા હતા.

-------------